જુલાઈ ૨૦૨૪

પ્રિય બહેન,

મારા પ્રિય પતિ અને આપણાં પ્રિય મેટ્રોપોલિટન, જેમની સ્મૃતિ હંમેશા ધન્ય રહેશે, તેમના પ્રભુપાસે ગયાને હવે બે મહિના થઈ ગયા છે. અમારા પરિવાર, બિશપો અને આખી મંડળી માટે આ ઘટના એકદમ અનપેક્ષિત હતી. સાથે મળીને આપણે તેમના વિદાય માટે શોક મનાવ્યો; આંસુઓ સાથે તેમની અંતિમવિધિ જોઈ; અને તેમના જીવન, વફાદાર સેવાના વર્ષો, અને ખ્રિસ્તને જાણીતા કરવા, જરૂરિયાતમંદોની મદદ કરવા અને મંડળીનું નેતૃત્વ કરવા માટે તેમણે કરેલા તમામ કાર્યોને યાદ કર્યા.

મને ખાતરી છે કે તમે સેવાઓમાં હાજર રહ્યાં હશો અથવા લાઈવ પ્રસારણ પર તેમાંથી કેટલીક જોઈ હશો. એ ખૂબ જ આશ્ચર્યજનક હતું કે કેટલા લોકો - મોટા અને નાના - મેટ્રોપોલિટનને અંતિમ વિદાય આપવા આવ્યા હતા. તેના જીવનોને સુવાર્તા અને ખ્રિસ્તના પ્રેમથી તેમણે સ્પર્શ કર્યા હતા. હું માનું છું કે તમે સેવાઓ દરમિયાન મોટા પડદા પર અમારા પરિવારને પણ જોયો હશે. તે સરળ ન હતું, પરંતુ પરમેશ્વરે અમને આવા દુઃખના સમયે જાહેરમાં જોવા માટે કૃપા આપી. અમને દરેકને આ પરિસ્થિતીમાં બહાર નીકળવા મદદ કરનારી તમારી પ્રાર્થનાઓ બદલ હું ખૂબ આભારી છું.

શોકના ૪૦ દિવસ પૂરા થાય અને આપણાં નવા મેટ્રોપોલિટનની નિમણૂક થાય ત્યાં સુધી હું મારી દીકરી સારા અને તેના પરિવાર સાથે રહી હતી. મારા પતિના ગયા પછી મેં જેની સંભાળ રાખવાની જરૂર છે તેવી ઘણી બધી વસ્તુઓ છે, અને હું મારા પરિવારની તમામ મદદ અને પ્રેમ માટે આભારી છું.

ઘરે પરત આવ્યા પછી, હું આપણી મંડળીની તમામ બહેનો વિષે વિચારી રહી છું જે અમને પ્રેમ કરે છે અને અમારા માટે પ્રાર્થના કરતી રહી છે.હું માનું છું કે તમે વિચારતા હશો કે મારા પતિના અવસાન પછી હું બરાબર રહીશ કે નહીં.

પ્રિય બહેન, હું તમને આ પત્ર લખી રહી છું કે હું કેવી રીતે છું અને આ મુશ્કેલ સમય દરમિયાન પ્રભુએ મને આપેલી કૃપા વિષે જણાવવા માટે. કારણ કે આપણે એક ખોવાયેલા જગતમાં રહીએ છીએ, આપણા બધાએ જીવનકાળમાં સંઘર્ષો અને કોઈક પ્રકારની ખોટનો અનુભવ કરવો પડશે. આજે હું તમને જે લખું છું તે તમારા માટે થોડી મદદરૂપ થઈ શકે.

"અમારા પરિવારના દરેક સભ્યો, જેમાં અમારા નાતી-પોતાં પણ સામેલ છે જેઓ મેટ્રોપોલિટનને ખૂબ યાદ કરે છે. અમને આદત પડેલી હતી કે તેઓ ઘણીવાર મુસાફરી પર જતા, પરંતુ તેઓ હંમેશા ઘેર પાછા આવતા. હવે, સ્વર્ગે પહોંચીશું ત્યાં સુધી તેઓને ફરી જોવા માટે રાહ જોવી પડશે. મારાં માટે, મેટ્રોપોલિટન અને હું લગભગ ૫૦ વર્ષ થી પરણ્યા હતા (12 દિવસ ઓછા), અને મને આશા હતી કે અમે આ અંતિમ સમયભાગ સાથે જીવવા માટે અને પરમેશ્વરનીની સેવા કરવા માટે સાથે રહીશું. બધું અલગ રીતે બન્યું, અને અચાનક અકસ્માત અને મૃત્યુએ અમને આ ધરતી પર આખરી વાર સંવાદ કરવાનું અથવા વિદાય કહેવાની તક પણ ન આપી.

ઘણા પ્રશ્નો છે જે હું સમજતી નથી, અને મને એવા પ્રશ્નો છે જેનો જવાબ મળવા માટે કાયમ રાહ જોવી પડશે. ત્યાં સુધી, મેં આપણાં સર્વશક્તિમાન પ્રભુ પર વિશ્વાસ કરવાનો નક્કી કર્યો છે, કારણ કે તેમના વચનો કહે છે કે તેઓ સારા છે, અને તેઓ પ્રેમ છે અને તેઓ એક પણ ભૂલ નથી કરતા.

શું ઇસુ મારા આંસુઓ, મારી ખોટ, અને મારા શોક અને દુઃખ વિષે ચિંતા કરે છે? પરમેશ્વરના વચનમાં હું વિશ્વાસ રાખું છું કે તેઓ ચિંતા કરે છે, કારણ કે તેઓ આ ધરતી પર જીવ્યા હતા, અને તેમણે તે બધું અનુભવ કર્યું છે જે હું અનુભવ કરી રહી છું. વધુમાં, ક્રુસ પર, તેમણે મારું તમામ શોક, દુખ અને પીડા વહન કરી હતી. તેઓ સમજે છે જ્યારે હું રડી શકું છું, એકલવાયું અનુભવું છું, અને મારા ભવિષ્ય વિશે વિચારું છું."

મારૂ હર્દય, હું હાલમાં જે દુખ અનુભવી રહી છું તેનાથી ઉપર કયારે આવશે? પરમેશ્વરે આપણને એવી રીતે બનાવ્યા છે કે જ્યારે આપણે નુકસાનનો સામનો કરીએ છીએ, ત્યારે આપણા આત્માને (સર્વ ભાવનાઓ સાથે) સ્વસ્થ થવા માટે સમય લેવાની જરૂર પડે છે. દાઉદ, જેણે ઘણી પરિક્ષાઓનો સામનો કર્યો હતો, તેણે પોતાના અનુભવો પરથી સાક્ષી આપી છે કે ગીતશાસ્ત્ર 23:3 માં, "તે મારા આત્માને તાજો કરે છે." આ દિવસોમાં હું અનેકવાર ગીતશાસ્ત્ર 23 અને અન્ય બે ગીતશાસ્ત્રને યાદ કરીને પ્રાર્થના કરું છું, અને મને મારા સંપૂર્ણ હૃદયથી વિશ્વાસ છે કે તે પોતાના આ પુનઃસ્થાપનાના વચનને પૂર્ણ કરવા માટે વિશ્વસનીય છે જે કોઈપણ તેમાં પોતાનો વિશ્વાસ મૂકે છે.

હું દરરોજ પરમેશ્વર પર વિશ્વાસ રાખું છું. આ જ હું આ પ્રમાણે કરી શકું છું, નહીં તો હું તણાવ અનુભવું છું. અને તે વિશ્વસનીય છે કે દરરોજ મારી સાથે ચાલવા અને મને જરૂરી બળ આપવા માટે.  મારા દિવસના કામકાજની યાદી પેહલા કરતાં ટૂકી છે, અને ક્યારેક મને થોભવું અને આરામ કરવો પડે છે અથવા મારા મીઠા પૌત્ર પૌત્રી સાથે સમય વીતાવવો પડે છે.

મને સૌથી વધુ મદદ કરે છે એ છે કે હું પરમેશ્વરના વચન પર વિશ્વાસ રાખી શકું છું અને તેને પકડી રાખું છું. મારે આ શીખવું પડ્યું અને અભ્યાસ કરવું પડ્યું છે મારા જીવનના પડકારભર્યા સમયમાં અને આ સેવા કાર્યમાં અમુક સંઘર્ષોમાં. મારી પ્રિય બહેન, હું તમને પ્રોત્સાહિત કરું છું કે તમે આ શીખો એ પહેલા કે તમારા જીવનમાં મોટો પરિક્ષણ આવી જાય.

શાસ્ત્રમાંના એક વચન પર હું વિશ્વાસ મૂકી રહી છું તે છે ઇસુનો વાયદો: "...... હું તને કદી મૂકી દઇશ નહી, અને તને તજીશ પણ નહી." (હીબ્રૂ ૧૩:૫). તે મારા ભવિષ્યના અંગેના ભયને દૂર કરે છે. મારા પતિ પ્રભુની પાસે ગયા ત્યારથી આજ સુધી, મારા સ્વર્ગીય પિતાએ મારા હૃદયને તેમના પ્રેમ અને કૃપાથી ભર્યું છે અને મને તેમના અસાધારણ શાંતિથી ઘેરી લીધું છે. હા, મારી આંખોમાં આંસુ છે, પરંતુ આ શાંતિ મને રાતે સારી રીતે ઊંઘવા દે છે અને મારા હૃદયમાં કોઈ ભય નથી. હું પરમેશ્વરની કાળજી અને દયાને ખૂબ જ સમજુ છું.

હું પરમેશ્વરનો આભારમાનું છું કે મારા પતિ તેમના તેડા પ્રત્યે વિશ્વાસુ રહ્યા, અને ગુમ થયેલા લોકોને પહોંચવા માટેની દ્રષ્ટિ જાળવી રાખી અને તેમના જીવનના અંતિમ પળો સુધી પ્રભુની સેવા કરી. હું માનું છું કે જો આપણે તેમને હવે જોઈ શકીએ તો તેઓ કહેતા કે તેમના તમામ વર્ષોનું પરિશ્રમ, અનંત મુસાફરી, સંઘર્ષ અને પરિક્ષાઓ બધું જ સારું હતું જ્યારે તેમણે આપણા ઉદ્ધારકર્તાને સામસામે મળ્યા.

મેટ્રોપોલિટન હંમેશા હીબ્રુ 12:1 માં ઉલ્લેખિત મહાન સાક્ષીઓના વાદળ વિષે વાત કરતાં હતા જે આપણી આસપાસ છે. હું કલ્પના કરું છું કે તેઓ આ વાદળમાં જોડાઈ ગયા છે, અને તેઓ ઉત્સુકતાથી જોઇ રહ્યા છે કે આપણે તેમના ઉદાહરણને અનુસરીને અને જે દ્રષ્ટિ અને દિશા તેઓએ આપણા માટે છોડી છે, તેને પૂર્ણ કરી રહ્યા છીએ.

પ્રિય બહેન,જો આપણે આપણી જિંદગીને અનંતકાળના હકમાં અને આપણાં જીવનનો  ઉપયોગ અન્ય લોકો સુધી સુવાર્તા લઈ જવા માટે ઉપયોગ કરીશું જેઓ એ સુવાર્તા સાંભળી નથી તો તે સાચા અર્થા આપણાં પ્રભુ અને આપણી આત્મિક પિતા માટે આદર અને સત્કાર હશે. આવો વિશ્વાસપૂર્વક આપણા મેટ્રોપોલિટન થેઓફિલસ અને આપણા બધી બિશપો અને આગેવાનો માટે પ્રાર્થના કરીએ કે પરમેશ્વર તેમને પોતાની બુધ્ધિ સાથે માર્ગદર્શન આપે કારણકે તેઓ આપણી મંડળીને આગળ લઈ જાય છે. બહેનો તરીકે, આપણે તેમને અને આપણી મંડળી માટે આશિર્વાદ અને પ્રોત્સાહન થવા માટે પ્રયત્નશીલ રહેવું.

આશામાં જીવવું જોઈએ.

પ્રિય બહેન, આ પત્રમાં મેં મારા છેલ્લા બે મહિનાની મુસાફરી વેહચી છે. પુનરુત્થાનના વચનથી એક દિવસ આપણાં બધા દુખ આનંદમાં બદલાઈ જશે. આપણે મેટ્રોપોલિટન અને તમામ આપણે પહેલાં જનારાઓ સાથે એકબીજાને મળશું. આ સમય સદાકાળ માટે અને આપણાં ઉધ્ધારકની ઉપસ્થિતિમાં હશે.

કૃપા કરીને જાણો કે હું તમને ઇસુમાં પ્રેમ કરું છું અને તમારા માટે પ્રાર્થના કરું છું.

ખ્રિસ્તમાં તમારી બહેન,

ગિસિલા યોહન્નાન.